## હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

**જાહેરાત ક્રમાંક: ૨૮/ ૨૦૨૧**

**રજીસ્ટર્ડ ગ્રેજયુએટસ મતદાર વિભાગની ફ્રેશ નોંધણી / મતદાર યાદી અંગે.**

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં નોંધાયેલા સ્નાતકોની (રજીસ્ટર્ડ ગ્રજેયુએટસ) ફ્રેશ નોંધણી / મતદાર યાદી અંગે **અગાઉ ઓનલાઈન નોંધણી પ્રક્રિયા કરવામાં આવેલ. નોંધાયેલા સ્નાતકો (રજીસ્ટર્ડ ગ્રજેયુએટસ) ચાલુ સાલે ફ્રેશ નોંધણી કરાવવા માંગતા હોય તેવા** હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી વિસ્તારના પાટણ, મહેસાણા,બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં વસવાટ કરતા હોય અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની (૧) વિનયન, (૨) વાણિજય, (૩) વિજ્ઞાન, (૪) શિક્ષણ, (૫) કાયદા (૬) તબીબી, (૭) ગૃહ વિજ્ઞાન અને ગ્રામવિદ્યા, તથા (૮) મેનેજમેન્ટ સ્ટડીઝ વિદ્યાશાખાઓમાં પાંચ વર્ષ માટે કાયદાની રૂઈએ, સ્થપાયેલ ભારતની કોઈપણ યુનિવર્સિટી કે યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશને જે સંસ્થાઓને યુનિવર્સિટી ગણી (Deemed University) માન્ય કરેલ હોય તેવી સંસ્થાઓના સ્નાતકો અને જેઓની સ્નાતક તરીકેની નોંધણીની અરજી કારોબારી સમિતિએ મંજૂર કરી હોય તેવા વિદેશની કોઈ પણ યુનિવર્સિટીના સ્નાતકો, **ઓનલાઈન મતદાર નોંધણી તા. ૧૧/૧૧/૨૦૨૧ ના રોજ સવારે ૧૧–૦૦ કલાક થી તારીખ : ૩૦/૧૧/૨૦૨૧ના રોજ રાત્રિના ૧૨–૦૦ કલાક** સુધી યુનિવર્સિટી વેબસાઈટ **electoral.hngu.net** પર પાંચ વર્ષની મુદ્દત માટે ઓનલાઈન નોંધણી કરાવી શકાશે.

સ્ટેચ્યુટ–૧ (૫) ની જોગવાઈ મુજબ તાઃ ૩૧ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ વિવિધ વિદ્યાશાખાઓના નોંધયેલા સ્નાતકોની તૈયાર કરેલી યાદીઓ તાઃ ૦૮/૦૧/૨૦૨૨ થી તા. ૩૧/૦૧/૨૦૨૨ સુધી યુનિવર્સિટીની વેબસાઈટ electoral.hngu.net or www.ngu.ac.in પર જોઈ શકાશે આ યાદીમાં કોઈ સુધારો વધારો જણાય તો જે તે અરજદારે તેમની ઓળખના આધાર પુરાવા સાથે તાઃ ૩૧/૦૧/૨૦૨૨ સુધીમાં કુલસચિવશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણને તે અંગે લેખિતમાં અરજી કરવાની રહેશે અને આ સુધારા અંગે કુલપતિશ્રીનો નિર્ણય આખરી રહેશે.(ફેકલ્ટી ઓફ ટેકનોલોજી ઈન્કલુડીંગ એન્જીનીયરીંગ, ફેકલ્ટી ઓફ એગ્રીકલ્ચર, આયુર્વેદની પદવીઓ ધરાવનાર કોઈપણ વિદ્યાર્થીની નોંધણી કરવામાં આવશે નહીં.)

**આ માટેની વિગતવાર માહિતી યુનિવર્સિટીની વેબસાઈટ electoral.hngu.net પરથી મળી શકશે.**

(નોંધ :– ૧. ગુજરાત ઓર્ડિનાન્સ નં.૨/૨૦૦૩ અને સ્ટેચ્યુટ–૧ (૧) અન્વયે ૬૨ વર્ષથી વધુ વય ધરાવતા સ્નાતકોની કોઈપણ વિદ્યાશાખામાં નામની નોંધણી કરવામાં આવશે નહી, જેની નોંધ લેવી.

૨. કારોબારી સમિતિના અગાઉ થયેલ ઠરાવ અનુસાર ઓનલાઈન નોંધણી પ્રક્રિયા અમલમાં આવેલ છે. જેની સર્વેએ નોંધ લેવી. )

સ્થળ : પાટણ
તારીખ : ૦૯/૧૧/૨૦૨૧

આદેશથી
(ડૉ.ધ.મ.પટેલ)
કા.કુલસચિવ

# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

**Accredited by NAAC with "A" Grade (CGPA 3.02)**

**પો.બો.નં.–૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫**


## નોંધાયેલા સ્નાતકોના વિભાગની ફેશ નોંધણી / મતદારયાદી અંગે જરૂરી સૂચનાઓ

---

### ૧. <u>ઓન લાઈન ફોર્મ ભરતા પહેલા</u> :–

૧. અરજદારે **<u>electoral.hngu.net વેબસાઈટ પર તારીખ : ૧૧/૧૧/૨૦૨૧ના રોજ સવારે ૧૧–૦૦ કલાક થી તા.૩૦/૧૧/૨૦૨૧ના રોજ રાત્રીના ૧૨–૦૦ કલાક</u>** સુધીમાં ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે.

૨. અરજદારે પોતાનો તાજેતરનો Photograph (10 Kb) અને Signature (10 Kb) સાઈઝથી વધે નહી તે રીતે JPG Format માં સ્કેન કરી તૈયાર રાખવાની રહેશે. જે ઓનલાઈન અરજીમાં અપલોડ કરવાની રહેશે.

૩. પદવી પ્રમાણપત્રની નકલ ઓનલોઈન નોંધણી દરમ્યાન સાથે રાખવી અને પદવી પ્રમાણપત્રમાં દર્શાવેલ નામ તથા એવોર્ડની તારીખ અરજીપત્રમાં દાખલ કરવી.

૪. સમગ્ર ફોર્મ અંગ્રેજી કેપીટલ અક્ષરમાં જ ભરવાનું રહેશે.

૫. દરેક અરજદારે અરજીમાં પોતાનો મોબાઈલ નંબર લખવો.

૬. ઓનલાઈન નોંધણી કરાવતી વખતે કોઈ મુશ્કેલી જણાય તો મો.નં. **૮૫૧૧૫૮૨૭૦૯** ઉપર સંપર્ક સાધવાનો રહેશે.

### ૨. <u>ઓન લાઈન ફોર્મ ભર્યા બાદ</u> :

ઓનલાઈન કરેલ અરજીપત્રની પ્રિન્ટ કાઢી અરજીપત્રક **<u>તારીખ : ૧૦/૧૨/૨૦૨૧</u>** સુધીમાં **<u>કુલસચિવ, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પો.બો. નં.–૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ–૩૮૪ ૨૬૫</u>** ને રૂબરૂ અથવા ટપાલ ધ્વારા નીચે જણાવેલ દસ્તાવેજો સહિત જમા કરાવવાના રહેશે.

સમયમર્યાદા બાદ આવેલી તેમજ અધૂરી માહિતીવાળી અરજીઓ રદ થવાને પાત્ર થશે. જેની જવાબદારી જે તે અજરદારની રહેશે.

૧. બેચલર ડીગ્રી પ્રમાણપત્રની પ્રમાણિત નકલ. (પ્રોવિઝનલ પદવી પ્રમાણપત્રની નકલ માન્ય રહેશે નહિ)

૨. જન્મ તારીખ અંગેના પુરાવાની પ્રમાણિત નકલ.(સ્કૂલ લિવિંગ સર્ટીફીકેટ/પાસપોર્ટ/ ડ્રાઈવીંગ લાયસન્સ/પાનકાર્ડ/આધારકાર્ડની પ્રમાણિત નકલ અરજી ફોર્મ સાથે ફરજીયાત જોડવાની રહેશે)

૩. રહેઠાણ અંગેના પુરાવાની પ્રમાણિત નકલ.(રેશનીગ કાર્ડ / ચૂંટણી કાર્ડ / આધારકાર્ડની પ્રમાણિત નકલ)

૪. પ્રોસેસ ફી રૂ.૫૦/–(અંકે રૂપિયા પચ્ચાસ પુરા) ઓનલાઈન અથવા ઓફલાઈન ભરવાના રહેશે.

૫. અરજી પત્રકમાં પાના નંબર બે ઉપર ડેકલેરેશનની નીચે આપેલ એન્ડોર્સમેન્ટમાં મેજીસ્ટ્રેટ અથવા યુનિવર્સિટી કોર્ટના સભ્ય અથવા સંલગ્ન કોલેજના કાયમી આચાર્ય અથવા ગેઝેટેડ ઓફિસર પાસે જરૂરી સહી સિકકા કરાવી અરજીપત્ર સાથે જોડવાનો રહેશે.

(નોંધ :– ૧. ગુજરાત ઓર્ડિનાન્સ નં.૨/૨૦૦૩ અને સ્ટેચ્યુટ–૧ (૧) અન્વયે ૬૨ વર્ષથી વધુ વય ધરાવતા સ્નાતકોની કોઈ પણ વિદ્યાશાખામાં નામની નોંધણી કરવામાં આવશે નહી, જેની ખાસ નોંધ લેવી.

૨. કારોબારી સમિતિના ઠરાવ અનુસાર અગાઉ ઓનલાઈન નોંધણી પ્રક્રિયા અમલમાં આવેલ છે.

૩. સ્નાતકોની નોંધણી અંગેની જાહેરાત કોઈપણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો યુનિવર્સિટીને સંપૂર્ણ હકક / અધિકાર રહેશે અને યુનિવર્સિટી આ માટે કોઈપણ કારણો આપવા બંધાયેલ રહેશે નહિ, તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજીપત્રક અને પ્રોસેસ ફી પરત મળવા પાત્ર રહેશે નહિ.

(યુનિવર્સિટી વિસ્તારમાં રહેતા અને કાયદાની રૂઈએ, સ્થપાયેલ ભારતની કોઈપણ યુનિવર્સિટી કે યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશને જે સંસ્થાઓને યુનિવર્સિટી ગણી (Deemed University) માન્ય કરેલ હોય તેવી સંસ્થાઓના સ્નાતકો અને જેઓની સ્નાતક તરીકેની નોંધણીની અરજી કારોબારી સમિતિએ મંજૂર કરી હોય તેવા વિદેશની કોઈ પણ યુનિવર્સિટીના સ્નાતકો)

સ્થળ : પાટણ
તારીખ : ૦૯/૧૧/૨૦૨૧

આદેશથી
કા.કુલસચિવ